Letter No: COS/0216/08/2024 Dt: 20-08-2024


કમિશનર શાળાઓની કચેરી

વિદ્યા સમીક્ષા કેન્દ્ર, બીજો માળ, સેક્ટર-૧૯

ગુ.રા., ગાંધીનગર-૩૮૨૦૨૧


ક્રમાંક: COS/RCT/e-file/276/2024/1462/SECONDARY

(તાત્કાલિક)

પ્રતિ,

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,

જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી,

તમામ

**વિષય :** રાજ્યની બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં જૂના શિક્ષક/ શિક્ષણ સહાયકની ખાલી

જગ્યાઓ મોકલવા બાબત.

**સંદર્ભ :** (૧) શિક્ષણ વિભાગના જાહેરનામા ક્રમાંક : GH/SH/02/BMS-1109-1906-G, તા. ૧૧/૦૨/૨૦૧૧

(૨) શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: ઉમશ-૧૧૧૫-૧૨૧-ગ૧, તા.૧૭/૧૨/૨૦૧૫

(૩) શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: પરચ/૨૦૧૮/આર-૨૩/ખ-૧, તા.૨૬/૧૧/૨૦૧૯

(૪) શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: ઉમશ-૧૧૧૫-૧૨૧-ગ૧, તા.૦૪/૦૨/૨૦૨૦

(૫) શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: મશબ/૧૧૧૬/૧૨/છ, તા.૧૧/૦૧/૨૦૨૧

(૬) શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક:સીઆરઆર-૧૦૨૦૧૭-૧૨૨૬૩૯-ગ.૨. ૧૭/૯/૨૦૨૧

(૭) શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: બમશ/૧૧૧૯/૧૩૪૬/ગ તા. ૦૭/૧૦/૨૦૨૨

(૮) શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: બમશ/૧૧૧૯/૮૫૮/ગ તા.૧૦/૧૦/૨૦૨૨

(૯) શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: ED/MSM/e-file/3/2023/1662/CHH તા.૧૯/૦૫/૨૦૨૩

(૧૦) શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: ED/MSM/e-file/3/2023/1662/CHH- PF1 તા.૨૪/૦૫/૨૦૨૩

(૧૧) શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: ED/MSM/e-file/3/2023/2440/CHH તા.૧૫/૦૭/૨૦૨૩

(૧૨) શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: ED/GOM/e-file/3/2023/3163/G-1, તા.૦૭/૧૨/૨૦૨૩

(૧૩) શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક : ED/MSM/ e-file/3/2023/3375/G, તા.૦૧/૦૮/૨૦૨૪

(૧૪) શિક્ષણ વિભાગના જાહેરનામા ક્રમાંક : GH/SH/41/2024/ED/MIS/e-file/3/2024/0482/G,

તા. ૦૧/૦૮/૨૦૨૪

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અને સંદર્ભ પરત્વે જણાવવાનુ કે, ભરતી સંદર્ભે પ્રમાણિત થયેલ રોસ્ટર રજીસ્ટરને આધારે રાજ્યની બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં સંદર્ભદર્શિત પત્રોની જોગવાઇઓ, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમો-૧૯૭૪, ગ્રાન્ટ-ઇન-કોડ-૧૯૬૪ તથા સરકારશ્રી દ્વારા થયેલ વખતોવખતના ઠરાવો, પરિપત્રોને ધ્યાને લઇ શિક્ષણ સહાયક/જૂના શિક્ષકની તા.૦૧/૦૮/૨૦૨૪ની સ્થિતિએ ખાલી જગ્યાઓ મોકલી આપવા જણાવવામાં આવે છે. શિક્ષણ સહાયક માટે રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા ૨૦૨૨ માં જે વિષયમા TAT(S) અને TAT(HS) લેવાયેલ હોય તે જ વિષયની ખાલી જગ્યાઓ તેમજ જૂના શિક્ષકની તમામ વિષયની ખાલી જગ્યાઓ જે તે વિભાગ, વિષય, કેટેગરી, માધ્યમ પ્રમાણે આ સાથે સામેલ

Signature valid
Signed by:Chaudhari Yatin S.
Joint Director
Date: 2024.08.21 11:22:22
+05:30

નિયત નમૂનાના પત્રક મુજબ EXCEL FILE (ફોન્ટસાઇઝ-10)મા અત્રેની કચેરીના ઇ-મેઇલ gsssc23pri@gmail.com પર તા. ૨૭/૮/૨૦૨૪ સુધીમાં મોકલી આપવાની રહેશે.

જે ખાલી જગ્યાઓ સંદર્ભે ભરતી સમિતિની બેઠક બાદ થયેલ નિર્ણય અન્વયે આગામી સૂચનાઓ મળ્યેથી શાળા મંડળ પાસેથી ભરવાપાત્ર જગ્યાઓ માટે માંગણાપત્રક મેળવી જિલ્લા કક્ષાએથી પોર્ટલ પર ખાલી જગ્યાઓની માહિતી નિયત સમય મર્યાદામાં અપલોડ કરવાની રહેશે.

**<u>શિક્ષણ સહાયક/જૂના શિક્ષક ની ખાલી જગ્યાઓની માટે ધ્યાને લેવાની સુચનાઓ:</u>**

- પ્રમાણિત થયેલ રોસ્ટર રજિસ્ટર અને શાળાને મળવાપાત્ર મહેકમની પૂરતી ખરાઈ કરી તે શાળાના શિક્ષકોના વર્કલોડને આધારે શાળાની દરેક મળવાપાત્ર જગ્યા માટે વિભાગ, વિષય, માધ્યમ અને કેટેગરી આધારિત ખાલી જગ્યાઓ મેળવવી.
- શિક્ષણ વિભાગના તા. ૦૧/૦૮/૨૦૨૪ ના સંદર્ભ(૧૩)નાં જાહેરનામાની જોગવાઇઓ અનુસાર શાળાઓ જૂના શિક્ષક અને શિક્ષણ સહાયકનું ૧:3 પ્રમાણ જળવાય તે રીતે જૂના શિક્ષક /શિક્ષણ સહાયકની માગણી કરી શકશે.
- જે શાળાની ખાલીજગ્યા ભરતી માટે દર્શાવવાની હોય તે શાળાના રોસ્ટર રજિસ્ટર સામાજિક ન્યાય અધિકારિતા/ શિક્ષણ વિભાગ દ્વારા પ્રમાણિત થયેલ હોવા જોઇશે.
- સંદર્ભ (૫)ના તા.૧૧/૧/૨૧ ના ઠરાવ મુજબ જે તે વિભાગના ૬ કે તેથી વધુ વર્ગો ધરાવતી શાળામા મળવાપાત્ર શિક્ષક રેશિયામા કોમ્પ્યુટર શિક્ષક મળવા પાત્ર થાય જેનો વર્કલોડ પૂર્ણ કરવા સાક્ષરી વિષયોનો કાર્યભાર સોંપી શકાય. તથા જે તે વિભાગના ૪ કે તેથી વધુ વર્ગો ધરાવતી શાળામાં મળવાપાત્ર શિક્ષક રેશિયામાં વ્યાયામ શિક્ષક મળવાપાત્ર થાય જેનો વર્કલોડ પૂર્ણ કરવા સાક્ષરી વિષયોનો કાર્યભાર સોંપી શકાય.
- ચિત્રકલા અને સંગીત જેવા વિષયોની જગ્યા બતાવતી વખતે જે તે વિષયનો તાસ આધારિત વર્કલોડ થાય તો મળવાપાત્ર શિક્ષક રેશિયામાં જે તે વિષયની ભરતી કરવા ખાલી જગ્યા દર્શાવવાની રહેશે.
- શિક્ષણ વિભાગના સંદર્ભ (૨) ના તા. ૧૭/૧૨/૨૦૧૫ ના ઠરાવમાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના માળખામાં ધોરણ ૯ થી ૧૨ નાં સળંગ વર્ગ દીઠ ૨ શિક્ષકોનું પ્રમાણ રાખવાનું ઠરાવેલ છે. માત્ર માધ્યમિક અથવા માત્ર ઉચ્ચતર માધ્યમિક શાળા માટે આ ફેરફાર ધ્યાને લેવાનો રહેતો નથી.
- ઉપરોક્ત તા. ૧૭/૧૨/૨૦૧૫ નાં ઠરાવમાં આંશિક સુધારો સંદર્ભ(૪)ના તા. ૪/૨/૨૦૨૦ ના ઠરાવથી થતા ઉચ્ચતર માધ્યમિક શાળામાં વિજ્ઞાનપ્રવાહ તેમજ સામાન્યપ્રવાહ એમ બંને વર્ગ ચાલતા હોય તો નિયમાનુસારની કાર્યભારણની વહેંચણી ધ્યાનમાં લઈને વિજ્ઞાનપ્રવાહ અને સામાન્ય પ્રવાહમાં વધારાનો શિક્ષક આપવાનો રહેશે.
- શિક્ષણ વિભાગના સદર્ભ (૮) ના તા.૧૦/૧૦/૨૦૨૨ ના ઠરાવમાં ધો-૯ -૧૦ ની એક એક વર્ગ ધરાવતી શાળાઓ હોય તેવી એક એક વર્ગ ધરાવતી શાળાઓ પૈકી ગ્રામ્ય વિસ્તારમાં ૫૦ વિદ્યાર્થી અને શહેરી વિસ્તારમાં ૭૫ વિદ્યાર્થી સંખ્યા ધરાવતી શાળાઓ માટે કુલ 3 શિક્ષક અને ૧ આચાર્ય મુજબ શાળાઓને શૈક્ષણિક સેટ અપને મંજૂરી આપવામાં આવેલ છે.
- શિક્ષણ વિભાગના સંદર્ભ (૧૨) તા. ૭/૧૨/૨૩ ના ના ઠરાવ માં ધોરણ ૯ થી ૧૨ સળંગ એકમ ગણવા બાબતે તથા માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગના શિક્ષકો શૈક્ષણિક હેતુ માટે સળંગ એકમના શૈક્ષણિક કર્મચારી ગણવાની જોગવાઈ કરેલ છે. વર્ગદીઠ શિક્ષકોનું પ્રમાણ સંદર્ભે વર્ગોની સામે મંજૂર શિક્ષકના પ્રમાણ માટેનું કોષ્ટક સમજણ માટે આપવામાં આવેલ છે.
- ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમો-૧૯૭૪ તથા ગ્રાન્ટ ઇન એઇડ કોડ-૧૯૬૪ તથા સરકારશ્રીના વખતોવખતના ઠરાવો, પરિપત્રો ની જોગવાઇઓ મુજબ દરેક શિક્ષકનો કાર્યભાર નિયત કરવામાંઆવેલ છે. તે મુજબ કાર્યભાર થાય તે જોવાનું રહેશે.
- જે તે વિભાગ કે વિષયની ખાલી જગ્યા PH કેટેગરીમાં આપતા સમયે તા.૧૯/૦૫/૨૦૨૩ નાં સંદર્ભ (૯) ના ઠરાવમાં આપેલ કોષ્ટકને ધ્યાને લેવાની રહેશે.
- ગ્રાન્ટ ઇન એઇડ શાળાઓમાં ભરતી માટે ખાલી જગ્યાનુ માંગણાપત્ર રજુ કરતી વખતે સંદર્ભ(૬) ના તા. ૧૭/૯/૨૧ નાં ઠરાવના ૮.૧ માં જણાવ્યા મુજબ પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.
- શાળાની ખાલી જગ્યા અન્વયે કોર્ટકેસ કે કોર્ટકેસ નિર્ણયાધિન હોય તો તે અંગે નામદાર હાઇકોર્ટના નિર્દેશનો યોગ્ય અભ્યાસ કરી જગ્યા દર્શાવવા પાત્ર છે કે કેમ ? તેનો નિર્ણય આપની કક્ષાએથી સ્વ-વિવેકથી ચકાસણી કરીને જ આવી ખાલી જગ્યા દર્શાવવાની રહેશે તેમજ રીમાર્કસમાં તેનો ઉલ્લેખ કરવાનો રહેશે.
- નિયમાનુસાર મહિલા ઉમેદવાર મળવાપાત્ર હોય અને માગણી કરવાની હોય તો તે મુજબના રીમાર્કસ લખવાના રહેશે.
- જૂના શિક્ષક માટે સ્પેશિયલ શાળાઓ તથા લઘુમતિ શાળાઓની જગ્યાઓ દર્શાવવાની રહેશે નહીં.
- શિક્ષણ સહાયક માટે લઘુમતિ શાળાઓની જગ્યાઓ દર્શાવવાની રહેશે નહીં.
- એક વખત મોકલેલ ખાલી જગ્યાઓમાં સુધારો વધારો થઈ શકશે નહી, જેથી મોકલતા સમયે જિલ્લા શિક્ષણાધિકારી તથા નોડલ અધિકારીએ વિશેષ કાળજી રાખી જગ્યાઓ મોકલવાની રહેશે.
- શાળા કક્ષાએથી સીધી રાજ્ય કક્ષાએ કોઇ વિગતો મોકલી આપવાની રહેશે નહીં. જેની જાણ આપના દ્વારા આપના તાબા હેઠળની શાળાઓને આપની કક્ષાએથી કરવાની રહેશે.

સંયુક્ત શિક્ષણ નિયામક અને સભ્યસચિવ
ગુજરાત રાજ્ય શૈક્ષણિક સ્ટાફ ભરતી માટેની
પસંદગી સમિતિ

ગુ.રા., ગાંધીનગર

Signature valid
Signed by: Chaudhari Yatin S.
Joint Director
Date: 2024.08.21 11:22:22 +05:30